જ્ઞાનસંસ્થા અને સંઘસંસ્થા

તથા તેનો ઉપયોગ

જ્યાં માનવ જાત છે, ત્યાં જ્ઞાનનો આદર સહજ હોય જ છે, અને જરા ઓછો હોય તો એને જમાવવો પણ સહેલ છે. હિંદુસ્તાનમાં તો જ્ઞાનની પ્રતિષ્ઠા હજારો વર્ષથી ચાલી આવે છે. બ્રાહ્મણ અને શ્રમણ સંપ્રદાયની ગંગાધારાઓ માત્ર વિશાળ જ્ઞાનના પટ ઉપર જ વહેતી આવી છે, અને વહે જાય છે. ભગવાન મહાવીરનું તપ એટલે બીજું કાંઈ જ નહિ પણ જ્ઞાનની ઉંડી શોધ, જે શોધ માટે એમણે તન તોડ્યુ, રાત દિવસ ન ગણ્યા, અને તેમની જે ઉંડી શોધ જાણવા, સાંભળવા હજારો માણસોની મેદની તેમની સામે ઉભરાતી, તે શોધ એ જ જ્ઞાન, અને એના ઉપર જ ભગવાનના પંથનું મંડાણ છે.

ભગવાનના નિર્વાણ પછી, એમના અનુભવજ્ઞાનનો આસ્વાદ લેવા એકત્ર થયેલ, અથવા એકત્ર થનાર, હજારો માણસો એ જ્ઞાન પાછળ પ્રાણ પાથરતા. એ જ્ઞાને શ્રુત અને આગમ નામ ધારણ કર્યું, એમાં ઉમેરો પણ થયો, અને સ્પષ્ટતાઓ પણ થતી ચાલી. જેમ જેમ એ શ્રુત અને આગમના માનસરોવરને કિનારે જિજ્ઞાસુ હંસો વધારે અને વધારે આવતા ગયા, તેમ તેમ એ જ્ઞાનનો મહિમા વધતો ચાલ્યો. એ મહિમાની સાથે જ એ જ્ઞાનને મૂર્ત કરનાર એનાં સ્થૂળ સાધનોનો પણ મહિમા વધતો ચાલ્યો, સીધી રીતે જ્ઞાન સાચવવામાં મદદ કરનાર, પુસ્તક પાનાં જ નહિ પણ તેના કામમાં આવનાર તાડપત્ર, લેખણ, શાહીનો પણ જ્ઞાનના જેટલો જ આદર થવા લાગ્યો એટલું જ નહિ પણ એ પોથી પાનાનાં બંધનો, તેને રાખવા મૂકવા અને બાંધવાનાં ઉપકરણો બહુ જ સત્કારાવા લાગ્યાં. જ્ઞાન આપવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને મેળવવામાં જેટલું પુણ્ય કાર્ય, તેટલું જ જ્ઞાનનાં સ્થૂળ ઉપકરણોને આપવા અને લેવામાં પુણ્ય કાર્ય મનાવા લાગ્યું.

જ્ઞાનપ્રાપ્તિ અનેક માટે તપો યોજાયાં હતાં. એવાં તપો વધારે જાહેરમાં આવે, અને ચોમેર જ્ઞાનનું આકર્ષણ વધે, એટલા માટે મોટા મોટા જ્ઞાનતપના ઉત્સવો અને ઊજમણાંઓ યોજાયા. તેની અનેક જાતની પૂજાઓ રચાઈ, ગવાઈ અને તેને લીધે એવું વાતાવરણ બની ગયું કે, જૈનનો એકેએક બચ્ચો એમ વગર ભણે સમજવા મંડી ગયો કે, 'કરોડો ભવનાં પાપ, એક જ પદના કે, એક અક્ષરના જ્ઞાનથી, બળી શકે છે.'

આ જ્ઞાનની ભક્તિ અને મહિમામાંથી, જે એકવારના વ્યક્તિગત, અને જાતે ઉપાડી શકાય એટલા જ, સાધુઓના ખંભે અને પીઠે ભંડારો લટકતા, તે બીજાં કારણો ઉપસ્થિત થતાં, મોટા બન્યા અને ગામ તથા શહેરમાં દૃશ્યમાન થયા. એક બાજુ શાસ્ત્રસંગ્રહ અને લખાણનો વધતો જતો મહિમા અને બીજી બાજુ સંપ્રદાયોની જ્ઞાન વિષેની હરીફાઈઓ, આ બે કારણોને લીધે પહેલાંની એકવારની મોઢે ચાલી આવતી જ્ઞાનસંસ્થા આખી જ ફેરવાઈ ગઈ, અને મોટા મોટા ભંડારરૂપમાં દેખા દેવા લાગી.

દરેક ગામ અને શહેરના સંઘને એમ લાગે જ કે અમારે ત્યાં જ્ઞાનભંડાર હોવો જ જોઈએ. દરેક ત્યાગી સાધુ પણ જ્ઞાનભંડારની રક્ષા અને વૃદ્ધિમાં જ ધર્મની રક્ષા માનતો થઈ ગયો. પરિણામે આખા દેશમાં, એક છેડેથી બીજા છેડા સુધી જૈન જ્ઞાનસંસ્થા, ભંડારરૂપે વ્યવસ્થિત થઇ ગઇ. ભંડારો પુસ્તકોથી ઉભરાતા ચાલ્યા. પુસ્તકોમાં પણ વિવિધ વિષયોનું અને વિવિધ સંપ્રદાયોનું જ્ઞાન સંઘરાતું ગયું. સંઘના ભંડારો. સાધુના ભંડારો, અને વ્યક્તિગત માલિકીના પણ ભંડારો એમ ભગવાનના શાસનમાં ભંડાર, ભંડાર અને ભંડાર જ થઈ ગયા. એની સાથે જ મોટો લેખકવર્ગ ઉભો થયો, લેખનકળા વિકાસ પામી, અને અભ્યાસી વર્ગ પણ ભારે વધ્યો. છાપાંની કળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં આવી ન હતી, ત્યારે પણ કોઈ એક નવો ગ્રંથ રચાયો કે તરત જ તેની સેંકડો નકલો થઈ જતી અને દેશના બધે ખૂણે વિદ્વાનોમાં વ્હેંચાઈ જતી. આ રીતે, જૈન સંપ્રદાયમાં જ્ઞાનસંસ્થાની ગંગા અવિચ્છિન્નપણે વહેતી આવી છે. વંદા, ઉધઈ અને ઉંદરો તેમજ ભેજ, શરદી અને બીજાં કુદરતી વિઘ્નો જ નહિ, પણ ધર્માંધ યવનો સુદ્ધાંએ આ ભંડારો ઉપર પોતાનો નાશકારક પંજો ફેરવ્યો, હજારો ગ્રંથો તદ્દન નાશ પામ્યા, હજારો ખવાઈ ગયા, હજારો રક્ષકોની અને બીજાઓની બેપરવાઈથી નષ્ટભ્રષ્ટ થઈ ગયા, છતાં જ્ઞાન તરફની જીવતી જૈનભક્તિને પરિણામે આજે પણ એ ભંડારો એટલા બધા છે, અને એમાં એટલું બધું વિવિધ તેમ જ જૂનું સાહિત્ય છે કે, તેનો અભ્યાસ કરવા માટે સેંકડો વિદ્વાનો પણ ઓછા જ છે. પરદેશના અને આ દેશના, કોડીબંધ શોધકો અને વિદ્વાનોએ આ ભંડારોની પાછળ વર્ષો ગાળ્યાં છે, અને એમાંની વસ્તુ તથા એનો પ્રાચીનરક્ષાપ્રબંધ જોઈ તેઓ ચકિત થયા છે. વર્ષો થયાં કોડીબંધ છાપખાનાંઓને જૈન ભંડારો પૂરતો ખોરાક આપી રહ્યા છે, અને હજી પણ વર્ષો સુધી તેથી વધારે ખોરાક પૂરો પાડશે.

ભંડારો જેમ નામમાં તેમ સ્વરૂપમાં પણ હવે બદલાયા છે. હવે પુસ્તકાલયો, લાયબ્રેરીઓ, જ્ઞાનમંદિરો અને સરસ્વતીમંદિરોનાં નામ તેઓએ ધારણ કર્યાં છે, અને કલમને બદલે બીબામાંથી લખાઈ, નવે આકારે બહાર પડતાં જાય છે. ભંડારોની જૂની સંગ્રાહક શક્તિ હજી પુસ્તકાલયોમાં કાયમ છે. એટલું જ નહિ પણ તે, જમાનાના જ્ઞાનપ્રચાર સાથે વધી છે. તેથી જ આજનાં જૈન પુસ્તકાલયો જૂના જૈન ગ્રંથો ઉપરાંત આધુનિક, દેશી, પરદેશી અને બધા સંપ્રદાયોના સાહિત્યથી ઉભરાતા ચાલ્યા છે.

બ્રાહ્મણ સંપ્રદાયના અને જૈન સંપ્રદાયના ભંડારો વચ્ચે એક ફેર છે, અને તે એ કે બ્રાહ્મણના ભંડારો વ્યક્તિની માલિકીના હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. જ્યારે જૈન ભંડારો બહુધા સંઘની માલિકીના જ હોય છે, અને ક્વચિત્ વ્યક્તિની માલિકીના હોય, ત્યાં પણ તેનો સદુપયોગ કરવા માટે તે વ્યક્તિ માલિક છે. અને દુરુપયોગ થતો હોય ત્યાં મોટે ભાગે સંઘની જ સત્તા આવીને ઉભી રહે છે. બ્રાહ્મણો આસો મહિનામાં જ પુસ્તકોમાંથી ચોમાસાનો ભેજ ઉડાડવા, અને પુસ્તકોની સારસંભાળ લેવા, ત્રણ દિવસનું એક સરસ્વતીશયન નામનું પર્વ ઉજવે છે, જ્યારે જૈનો કાર્તિક શુદિ પંચમીને જ્ઞાનપંચમી કહી તે વખતે પુસ્તકો અને ભંડારોને પૂજે છે, અને એ નિમિત્તે ચોમાસામાંથી સંભવતો બગાડ ભંડારોમાંથી દૂર કરે છે. આ રીતે જૈન જ્ઞાનસંસ્થા જે એકવાર માત્ર મૌખિક હતી, તે અનેક ફેરફાર પામતાં પામતાં, અનેક ઘટાડા વધારા, અને અનેક વિવિધતા અનુભવતાં અનુભવતાં, આજે મૂર્તરૂપે આપણી સામે છે.

પરંતુ આ બધું વારસાગત હોવા છતાં અત્યારે, જમાનાને પહોંચી વળે તેવો અભ્યાસી વર્ગ એ ભંડારોની મદદથી કોઈ ઉભો થતો નથી. પ્રાચીન અને મધ્યકાળમાં જે ભંડારોએ, સિદ્ધસેન અને સમંતભદ્ર, હરિભદ્ર અને અકલંક, હેમચંદ્ર અને યશોવિજયને જન્માવ્યા, તે જ ભંડારો અને તેથીએ મોટા ભંડારો વધારે સગવડ સાથે આજે હોવા છતાં, અત્યારે વિશિષ્ટ અભ્યાસીને નામે મીંડુ છે. કોઇને જાણે સંગ્રહ સિવાય બીજી ખાસ પડી જ ન હોય તેમ અત્યારની આપણી સ્થિતિ છે. એ એક અપવાદને બાદ કરીએ તો આ જ્ઞાનસંસ્થાનો વારસો સંભાળી રાખનાર, અને ધરાવનાર ત્યાગી વર્ગ જાણે તુષ્ટિમાં પડી ગયો છે, અને અત્યારના યુગની સામે તેમની જ્ઞાન દષ્ટિએ કેટલી મોટી જવાબદારી છે, એ વાત જ છેક ભૂલી ગયો છે, અથવા સમજી શકયો નથી, એમ કોઈ પણ આખા સાધુવર્ગના પરિચય પછી કહ્યા વિના ભાગ્યે જ રહી શકે.

આ ભંડારોનો ઉપયોગ અભ્યાસીઓ સર્જવામાં જ ખરો હોઈ શકે. અત્યારસુધી જે એની સ્થૂળપૂજા થઈ, તેણે હવે અભ્યાસનું રૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધારણ કરવું જોઈએ. સાધુવર્ગ એ વસ્તુ સમજે તો ગૃહસ્થો પણ એ દિશામાં પ્રેરાય અને આપણો વારસો બધે સુવાસ ફેલાવે.

અત્યારે જે કેટલાક ખંડ ભંડારો છે, એક જ ગામ કે શહેરમાં અનેક ભંડારો છે, એક જ સ્થળે એક જ વિષયનાં અનેક પુસ્તકો છતાં, પાછાં વળી તેનાં અનેક પુસ્તકો લખાયે જ જવાય છે, અથવા સંઘરે જ જવાય છે, તે બધાનો ઉપયોગની દૃષ્ટિએ વિચાર કરી એક કેંદ્રસ્થ ભંડાર તે તે સ્થાને બનવો જોઈએ. અને દરેક ગામ કે શહેરના કેંદ્રસ્થ ભંડાર ઉપરથી, એક મહાન સરસ્વતીમંદિર ઉભું થવું જોઈએ, કે જ્યાં કોઈપણ દેશ–પરદેશનો વિદ્વાન આવી અભ્યાસ કરી શકે, અને તે તરફ આવવા લલચાય. લંડન કે બર્લિનની લાયબ્રેરીનું ગૌરવ એ મુખ્ય સરસ્વતીમંદિરને મળે અને તેની અંદર અનેક જાતની ઉપયોગી કાર્યશાખાઓ ચાલે, જેના દ્વારા ભણેલ, અભણ, સમગ્ર જનતામાં એ જ્ઞાનગંગાના છાંટા અને પ્રવાહો પહોંચે.

આટલું આપણા ત્યાગી ગુરુઓ ન કરે તો તેઓ ઈચ્છિશે છતાં તેમનામાંથી આલસ્ય, ક્લેશ અને બીનજવાબદારી જીવન કદી જ જવાનાં નથી. તેથી સાધુતાને જીવતી કરવા આ ભંડારોના જીવંત ઉપયોગમાં જ વ્યવસ્થિત રીતે સાધુવર્ગે નિયંત્રણપૂર્વક અને ઈચ્છાપૂર્વક એક પણ ક્ષણનો વિલંબ કર્યા સિવાય ગોઠવાઈ જવું જોઈએ. જેમના પૂર્વજોએ ખંભે જ્ઞાનની કાવડનો ભારેમાં ભારે બોજો લાકડીને ટેકે ઉપાડી, પગપાળા ચાલી કેડ વળી જાય ત્યાંસુધી અને ધોળાં આવે ત્યાંસુધી જહેમત ઉઠાવી છે, અને એકેએક જણને તાજું જ્ઞાનામૃત પાવાની કોશીષ કરી છે તે સાધુવર્ગને મારા જેવા ક્ષુદ્ર જ્ઞાનપિપાસુ સેવકે એમને વારસાગત કાર્ય જમાનાની રીતે બજાવવા માટે એમને વિનવણી કરવી, એમાં તો વિનવણી કરનાર, અને વિનવાતા વર્ગ, બંનેનું અપમાન છે. હું મારું પોતાનું અપમાન જ ગણી જાઉં તો પણ એ જ્ઞાનગંગાવાહીઓનું અપમાન સહી શકાય નહિ. તેથી તેઓ આપોઆપ સમજી જઈ વિનવણીને નિરર્થક સાબીત કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘસંસ્થા—હવે આપણે વિષયના બીજા ભાગ તરફ વળીએ. જૈનો બૌદ્ધો અને બીજા આજીવક જેવા શ્રમણ પંથોની પેઠે વર્ણવ્યવસ્થામાં નથી માનતા. એટલે એમને વર્ણોના નામ સામે કે વિભાગ સામે વાંધો નથી, પણ એ વર્ણવિભાગને તેઓ વ્યાવહારિક કે આધ્યાત્મિક વિકાસમાં બંધનરૂપ માનવાને ના પાડે છે. બ્રાહ્મણસંપ્રદાય વર્ણવિભાગમાં વ્હેંચાયલો અને બંધાયલો છે. એમાં જ્યારે વર્ણવિભાગે વ્યાવહારિક અને આધ્યાત્મિક વિકાસ સાધવામાં બંધન ઉભું કર્યું અને આર્ય માનવોના માનસિક વિકાસમાં આડ ઉભી કરી ત્યારે ભગવાન મહાવીરે એ આડ ફેંકી દેવા, અને સામ્યવાદ સ્થાપવા બુદ્ધના જેટલો જ પ્રયત્ન કર્યો.

જેઓ જેઓ ભગવાન મહાવીરના અનુગામી થતા ગયા તેઓ વર્ણનું બંધન ફેંકતા કે ઢીલું તો કરતા જ ગયા, છતાં પોતાના પૂર્વજોના અને પોતાના જમાનાના બ્રાહ્મણપંથી પડોસીઓના કડક વર્ણબંધનોના સંસ્કારોથી છેક જ અલિપ્ત રહી ન શકયા. એટલે વળી બ્રાહ્મણ પંથે જ્યારે જ્યારે જોર પકડયું, ત્યારે ત્યારે જૈનો એ પંથના વર્ણબંધનના સંસ્કારોથી કાંઈક રીતે અને કાંઈક લેપાયા. એકપાસ વર્ણબંધન સામેના જૈનવિરોધે, બ્રાહ્મણપંથ ઉપર સીધી અસર કરી અને તે પંથના વર્ણબંધન સંસ્કારો કાંઈક મોળા પાડયા, અને બીજે પાસ બ્રાહ્મણપંથના વર્ણબંધન વિષેના દઢ આગ્રહે જૈનપંથ ઉપર અસર પાડી. જેને લીધે ઈચ્છાએ કે અનિચ્છાએ, એક અથવા બીજે રૂપે, જૈન લોકોમાં વર્ણસંસ્કારોનું કાંઈક વાતાવરણ આવ્યું. આ રીતે વર્ણબંધનના વિરોધી અને અવિરોધી બંને પક્ષો એકબીજા સાથે લડતા, અફળાતા, છેવટે એકબીજાની થોડીઘણી અસર લઇ, સમાધાનીપૂર્વક આ દેશમાં વસે છે.

આ તો ટુંકમાં ઐતિહાસિક અવલોકન થયું. પણ ભગવાન મહાવીરે જ્યારે વર્ણબંધનનો છેદ ઉડાડી મૂકયો ત્યારે, ત્યાગના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દષ્ટિબિંદુ ઉપર પોતાની સંસ્થાના વર્ગો પાડયા. મુખ્ય બે વર્ગ: એક ઘરબાર અને કુટુંબકબીલા વિનાનો ફરતો અનગાર વર્ગ. અને બીજો કુટુંબકબીલામાં રાચનાર સ્થાનબદ્ધ અગારી વર્ગ. પહેલો વર્ગ પૂર્ણત્યાગી. એમાં સ્ત્રી અને પુરુષો બન્ને આવે, અને તે સાધુસાધ્વી કહેવાય. બીજો વર્ગ પૂર્ણ ત્યાગનો ઉમેદવાર. એમાં પણ સ્ત્રી અને પુરુષો બન્ને આવે અને તે શ્રાવક શ્રાવિકા કહેવાય. આ રીતે ચતુર્વિધ સંઘ વ્યવસ્થા અથવા બ્રાહ્મણપંથના પ્રાચીન શબ્દનો નવેસર ઉપયોગ કરી ચતુર્વિધ વર્ણવ્યવસ્થા શરૂ થઈ. સાધુસંઘની વ્યવસ્થા સાધુઓ કરે; એના નિયમો એ સંઘમાં અત્યારે પણ છે, અને શાસ્ત્રમાં પણ બહુ સુંદર અને વ્યવસ્થિત રીતે મૂકાયલા છે. સાધુસંઘ ઉપર શ્રાવકસંઘનો અંકુશ નથી એમ કોઇ ન સમજે. પ્રત્યેક નિર્વિવાદ સારું કાર્ય કરવા સાધુ-સંઘ સ્વતંત્ર જ છે. પણ કયાંય ભૂલ દેખાય, અથવા તો મતભેદ હોય, અથવા તો સારા કાર્યમાં, પણ ખાસ મદદની અપેક્ષા હોય ત્યાં સાધુસંઘે પોતે જાતે જ શ્રાવકસંઘનો અંકુશ પોતાની ઇચ્છાથી જ સ્વીકાર્યો છે. એ જ રીતે શ્રાવકસંઘનું બંધારણ ઘણી રીતે જુદું હોવા છતાં તે સાધુસંઘનો અંકુશ સ્વીકારતો જ આવ્યો છે. આ રીતે પરસ્પરના સહકારથી એ બંને સંઘો એકંદર હિતકાર્ય જ કરતા આવ્યા છે

મૂળમાં તો સંઘના બે જ ભાગ, અને ધર્મની દષ્ટિએ મહાવીરનો એક જ સંઘ છતાં ગામ અને શહેર તેમજ પ્રદેશોના ભેદ પ્રમાણે, એ સંઘ લાખો નાના નાના ભાગમાં વ્હેંચાઈ ગયો, અને વળી દુર્દૈવથી પડેલા શ્વેતાંબર, દિગંબર સ્થાનકવાસી જેવા ત્રણ ફાંટાઓને એ લાખો નાનકડા સંઘો સાથે ગુણીએ તો અનેક લાખો નાનકડા ટુકડા થઇ જાય. દુર્દૈવ ત્યાંથી જ ન અટકયું પણ ગચ્છ વગેરેના ભેદો પાડી તેણે એ નાના ટુકડાઓને આજના હિંદુસ્તાનના ખેડૂતોની ખેડવાની જમીનના નાના નાના ટુકડાની પેઠે વધારે અને વધારે ભાગલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાડી દીધા. આ બધું છતાં જૈન સમાજમાં કેટલાંક એવાં સામાન્ય તત્ત્વો સુરક્ષિત છે, અને ચાલ્યાં આવે છે કે જેને લીધે આખો જૈન સંઘ એકત્ર થઇ શકે, અને એક સાંકળમાં બંધાઈ પ્રગતિ કરે જાય.

એ સામાન્ય તત્ત્વોમાં ભગવાન મહાવીરે વારસામાં આપેલી અનેક વસ્તુઓમાંની શ્રેષ્ઠ, શાશ્વત અને સદા ઉપયોગી બે વસ્તુઓ આવે છે. એક અહિંસાનો આચાર અને બીજી વસ્તુ અનેકાંતનો વિચાર.

ભગવાન મહાવીરનો સંઘ એટલે પ્રચારકસંઘ. પ્રચાર શેનો? તો ઉપલી બે વસ્તુઓનો, અને એ બે વસ્તુઓની સાથે સાથે, અથવા એ બે વસ્તુઓના વાહનરૂપે નાની મોટી બીજી અનેક વસ્તુઓનો. હવે નાના નાના કટકાઓમાં વ્હેંચાયલો, અને વળી વધારે અને વધારે આજે વ્હેંચાતો જતો જૈનસંઘ, પોતાના પ્રચારધર્મના ઉદ્દેશને, અને પ્રચારની વસ્તુને સમજી લે, તેમ જ આ સમયમાં આ દેશમાં તેમજ સર્વત્ર લોકોની શી અપેક્ષા છે, તેઓ શું માગે છે, એ વિચારી લે. અને લોકની એ માંગણી અહિંસા તેમજ અનેકાંતદ્વારા કેવી રીતે પૂરી પાડી શકાય, એનો અભ્યાસ કરી લે તો હજુએ એ સઘ એ તત્ત્વો ઉપર અખંડ રહી શકે, અને એનું બળ ટકી શકે. ફરજનું ભાન જ, સમય, શક્તિ અને બુદ્ધિનો દુરુપયોગ અટકાવે છે. તેથી જૈનસંઘે પહેલાં પોતાની ફરજનું ભાન જીવનમાં જીવતું કરવું જોઇએ.

દેશના સદ્‌ભાગ્યે તેમાં જૈન જેવો પ્રચારકસંઘ પડ્યો છે. તેનું બંધારણ વિશાળ છે. તેનું કાર્ય સૌને જોઈએ અને સૌ માગે તેવું જ છે. એટલે અત્યારે, બીજે કોઈપણ વખતે હતી તે કરતાં, સંઘસંસ્થાને વ્યવસ્થિત કરવાની વધારે જરૂર છે. જો સંઘના આગેવાનો પોતાની સંઘસંસ્થાને નિષ્પ્રાણ જોવા ન માગતા હોય અને પોતાના વારસદારોનો શાપ, તેમ જ દેશવાસીઓનો તિરસ્કાર વ્હોરવા ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માગતા હોય તો, અત્યારે સંઘસંસ્થાને વ્યવસ્થિત કરવાની, તેનો ઉપયોગ રાષ્ટ્રપરત્વે કરવાની ખાસ જરુર છે.

આ દેશમાં જે એકવાર ભારે વગસગ ધરાવતો તે બૌદ્ધસંઘ હયાત નથી, છતાં જૈનસંઘ તો છે જ. એટલે આ સંસ્થાનો ઉપયોગ દેશપરત્વે પહેલાં જ થવો ઘટે; અને માત્ર તબલાં કે ખડતલ, ઝાંઝ કે ડાંડીઆરા વગાડવા–વગડાવવામાં, તેમ જ નિર્જીવ જમણવારો મીઠાઈઓ ખાવા–ખવરાવવામાં, અને બહુ તો ભપકાબંધ વરઘોડા ચડાવવામાં જ એ સંઘસંસ્થા પોતાની ઇતિશ્રી ન સમજે. જો કોઈ શાસનદેવી હોય અને તેના સુધી સાચી પ્રાર્થના પહોંચતી હોય, અને પ્રાર્થના પહોંચ્યા પછી તે કાંઈ કરી શકતી હોય, તો આપણે બધા તેને પ્રાર્થીશું કે આજે જ તેને પોતાનું શાસનદેવતા નામ સફળ કરવાનો વખત આવ્યો છે. જો આજે તે ઉદાસીન રહે તો ફરી તેને પોતાનો અધિકાર ઓજસ્વી બનાવવાની તક આવશે કે નહિ એ કહેવું કઠણ છે. ખરી વાત તો એ છે કે આપણે બધા જ શાસન-દેવતા છીએ, અને આપણામાં જ બધું સારું કે નરસું કરવાની શક્તિ છે. પ્રાર્થના કરનાર પણ આપણે છીએ, એટલે આપણી પ્રાર્થના આપણે જ પૂરી કરવાની છે. જો એ કામ આપણે ન કરીએ તો શાસનદેવતાને ઠપકો આપવો એનો અર્થ આપણી જાતને મૂર્ખ બનાવ્યા બરાબર છે. પુરુષાર્થ ન હોય તો કશું જ સિદ્ધ થતું નથી, અને હોય તો કશું જ અસાધ્ય નથી, તેથી આપણે આપણો પુરુષાર્થ સંઘસંસ્થાને દેશોપયોગી કરવામાં પ્રેરીએ એટલે આપણું કામ કેટલેક અંશે પુરું થયું.

તા. ૨૭—૮—૩૦ સુખલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org